મેડીકલ બિલ બાબતે લોકડાઉન સમયની
છુટછાટ આપવા બાબત.

---

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:-એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.-૨)/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૨/૧૧/૨૦૨૦

**વંચાણે લીધા:-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા.) (તબીબી સારવારના નિયમો)

(૨) નાણા વિભાગ યુ.ઓ.આર. ફાઇલ ક્ર.પશન/૧૦૨૦૨૦/ડી-૨૫૧/પી.

**પરિપત્ર :-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) સામેના ઠરાવ ગુજરાત રાજ્ય સેવા(ત.સા.) નિયમો,૨૦૧૫ ની જોગવાઇ નિયમ – ૧૬ હેઠળ મળવાપાત્ર નાણા ભરપાઇ કરવાના તમામ ક્લેઇમ તબીબી સારવાર અથવા ચિકિત્સા પુરી થયાની તારીખથી ૬ માસની અંદર સબંધિત સરકારી કર્મચારીના નિયંત્રણ સત્તાધિકારીને રજુ કરવાના હોય છે.

૨) તાજેતરમાં ફેલાયેલ કોરોના મહામારીને લીધે ગુજરાત સરકાર દ્વારા માર્ચ – ૨૦૨૦ થી જુલાઇ - ૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરેલ હતું. જેના કારણે ૬૦ વર્ષથી વધારે ઉંમરના પેન્શનરો ઘરની બહાર નીકળી ન શકવાના લીધે માર્ચ માસ કે તે પછીના બિલોમાં ડોક્ટરની સહી કરાવી શકેલ નથી. જ્યારે પેન્શનરો દ્વારા દવાખાનામાં પ્રતિ સહી કરાવવા બિલો રજૂ કરવામાં આવ્યા ત્યારે બિલો છ માસના કરતા વધુના હોવાથી ડોક્ટરે સહી કરવાનો ઇન્કાર કરેલ છે. જેથી પેન્શનરોના તથા અન્ય કર્મચારીઓના બિલો મંજુર થઇ શકેલ નથી.

૩) ઉક્ત બાબત લક્ષમાં લેતા કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે :-

(૧) કોરોના મહામારીને ધ્યાને લેતા માત્ર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૧૫ માર્ચ ૨૦૨૦ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીના ૬ માસના સમયગાળાને ગુજરાત રાજ્ય સેવા(ત.સા.) નિયમો,૨૦૧૫ ના નિયમ (૧૬.૧) અંતર્ગત ૬ માસની સમયમર્યાદામા બિલો રજૂ કરવાના સમયગાળા માટે ગણતરીમા લેવામા આવશે નહીં.

દા.ત. જેમણે ૧૫ જાન્યુઆરી-૨૦૨૦ માં સારવાર લીધી હોય તેઓની છ માસની સમય મર્યાદા સામાન્ય સંજોગોમા ૧૫ જુલાઇ-૨૦૨૦ માં પુરી થાય. પરંતુ આવા બિલોમાં ૧૫ માર્ચ ૨૦૨૦ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીનો સમયગાળો માફ કરતા ૧૫ જાન્યુઆરી-૨૦૨૧ સુધી પ્રતિ સહી કરી શકાશે.

- ૧૫ જાન્યુઆરી-૨૦૨૦ થી ૧૪ માર્ચ ૨૦૨૦ ( ૨ મહિના )
- ૧૫ માર્ચ ૨૦૨૦ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦ ( સમયગાળો માફ)
- ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ થી ૧૫ જાન્યુઆરી-૨૦૨૧ ( ૪ મહિના)

(૪) પ્રસ્તુત વધારેલ સમયમર્યાદા ગુજરાત રાજ્ય સેવા(ત.સા.) નિયમો,૨૦૧૫ હેઠળના તમામ લાભાર્થીઓને લાગુ પડશે.

(૫) તમામ જિલ્લાના આર.એમ.ઓ. / સી.ડી.એમ.ઓ. આ પરિપત્રની સુચના મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નીલમ દેસાઇ)
સરકારના નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ